વર્લ્ડકપ રમવા રોહિતે કરેલી મહેનત પર ગંભીર-અગરકરે પાણી ફેરવ્યું

રોહિતે વર્લ્ડકપ રમવા દિવસ-રાત મહેનત કરીને 11 કિલો વજન ઘટાડ્યું પણ ગંભીર-અગરકરે તેની બાકાતીની કથા લખી નાંખી

ગંભીર-અગરકરે રોહિતને તે વર્લ્ડકપની યોજનામાં ન હોવાનું કહી દીધું અને તેની અસર બંને વન ડેમાં તેની બેટિંગ પર દેખાઇ

રવિવારે લોર્ડસમાં રમાનારી ત્રીજી વન ડે રોહિતની અંતિમ ઇન્ટરનેશનલ મેચ બની રહેશે કે પછી ઘરઆંગણે તેને રમાડાશે?

નવી દિલ્હી, તા. 17 : ભારતીય ક્રિકેટમાં એક મોટા યુગનો અંત નજીક આવી રહ્યો છે. લોર્ડ્સ વનડે મેચ દિગ્ગજ બેટ્સમેન રોહિત શર્માની કારકિર્દીનો અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ સાબિત થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બીસીસીઆઈ પસંદગીકારોએ રોહિતને સ્પષ્ટ કરી દીધું છે કે તે હવે ટીમ ઈન્ડિયાની ભાવિ વનડે યોજનાઓનો ભાગ નથી, ખાસ કરીને 2027 વર્લ્ડ કપ માટે. આ સાથે, છેલ્લા ત્રણ વર્ષથી ધીમે ધીમે ફોર્મેટમાંથી બહાર થઈ રહેલા આ દિગ્ગજ બેટ્સમેનની કારકિર્દીનો હવે સંપૂર્ણ અંત આવી રહ્યો છે.

રોહિત શર્માએ આ સિદ્ધિ હાંસલ કરવા માટે ખૂબ મહેનત કરી. થોડા મહિના પહેલા સુધી, તે મુંબઈના શિવાજી પાર્કમાં પરસેવો પાડીને લગભગ 11 કિલો વજન ઘટાડ્યું હતું અને આ પરિવર્તને 2027ના વર્લ્ડકપમાં રમવાની તેની આશા જીવંત રાખી હતી. જોકે, ભાગ્ય અને તેના નિયંત્રણની બહારના સંજોગોએ ધીમે ધીમે તેનું સૌથી મોટું સ્વપ્ન ચકનાચૂર કરી નાખ્યું. કેપ્ટન શુભમન ગિલે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે રોહિત અને વિરાટ છેલ્લા દાયકાથી ભારતીય બેટિંગનો આધાર રહ્યા છે અને ટીમનો અભિન્ન ભાગ છે. જોકે, પડદા પાછળના અહેવાલો એક અલગ જ વાર્તા ઉજાગર કરે છે. બીસીસીઆઈના સૂત્રોએ ખુલાસો કર્યો છે કે પસંદગી સમિતિ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે રોહિત શર્માને સ્પષ્ટપણે જણાવ્યું છે કે 2027ના વર્લ્ડકપમાં તેઓ યશસ્વી જયસ્વાલ જેવા યુવા ખેલાડીઓને તક આપવા માંગે છે. બોર્ડના એક સૂત્રએ જણાવ્યું હતું કે પસંદગીકારોએ રોહિતને સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ઈંગ્લેન્ડ પ્રવાસ પછી તેના પર વિચાર કરી રહ્યા નથી, અને હવે નિર્ણય રોહિત પર છે કે તે સન્માનજનક રીતે બહાર નીકળે કે નહીં. આ સમગ્ર વિવાદ અને વિરોધાભાસી નિવેદનોની અસર રોહિત શર્માની બેટિંગ પર સ્પષ્ટપણે જોઈ શકાય છે. પોતાની સ્પષ્ટ વિચારસરણી માટે જાણીતો રોહિત ઈંગ્લેન્ડ સામેની બંને વન ડેમાં અત્યંત અસ્વસ્થ અને તણાવપૂર્ણ દેખાતો હતો.

લોર્ડ્સ વનડે રોહિતની છેલ્લી મેચ હોવાના અહેવાલ બીસીસીઆઇએ ફગાવ્યા

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : બીસીસીઆઈએ શુક્રવારે રોહિત શર્માના ભવિષ્ય અંગેની અટકળોને ફગાવી દઇને કહ્યું હતું કે રવિવારે લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે તેની છેલ્લી મેચ નથી. બીસીસીઆઈના સચિવ દેબજીત સૈકિયાએ પીટીઆઈને જણાવ્યું હતું કે એવી કોઈ ચર્ચા નથી કે રોહિત રવિવારે લોર્ડ્સમાં પોતાનો છેલ્લો આંતરરાષ્ટ્રીય મેચ રમશે. તેમણે પીટીઆઈને એક વિશિષ્ટ મુલાકાતમાં જણાવ્યું કે રોહિત શર્માના ભવિષ્ય વિશે મીડિયામાં ઘણી અટકળો ચાલી રહી છે. હું ભારપૂર્વક કહેવા માંગુ છું કે રોહિત રવિવારે લોર્ડ્સમાં તેની છેલ્લી મેચ રમશે તેવી કોઈ ચર્ચા નથી. તેમણે કહ્યું કે રોહિત ભારતીય વન ડે ટીમનો નિયમિત સભ્ય છે અને જ્યાં સુધી તે ટીમની યોજનાઓનો ભાગ રહેશે ત્યાં સુધી તે દેશ માટે રમવાનું ચાલુ રાખશે.

વર્લ્ડકપ ઈતિહાસમાં પહેલીવાર વિજેતાને મેડલ સાથે મળશે ચેમ્પિયનશિપ રિંગ

રિંગની એકતરફ ફિફા વર્લ્ડકપની ટ્રોફી કોતરેલી હશે અને બીજી બાજુ વિજેતા ટીમ પ્રેરિત ડિઝાઇન હશે

દરેક રિંગને એક અલગ નંબર હશે અને તેને ખેલાડી અનુસાર કસ્ટમાઇઝ કરવામાં આવશે

ન્યૂ જર્સી, તા. 17 : ફિફા વર્લ્ડકપની રવિવારે અહીં રમાનારી સ્પેન અને આર્જેન્ટિના વચ્ચેની ફાઇનલ પછી વિજેતા ટીમના ખેલાડીઓને એક ખાસ ચેમ્પિયનશિપ રિંગ આપવામાં આવશે. વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલીવાર ચેમ્પિયન બનનાર ટીમના ખેલાડીઓ અને સ્ટાફને ટ્રોફી અને ગોલ્ડ મેડલની સાથે ચેમ્પિયનશિપ રિંગ આપવામાં આવશે એવી ફિફાએ સત્તાવાર જાહેરાત કરી છે. ફિફાના જણાવ્યા અનુસાર, આ રિંગ અમેરિકન રમતગમતની પ્રસિદ્ધ પરંપરાથી પ્રેરિત છે અને પહેલીવાર ફૂટબોલ વર્લ્ડકપનો ભાગ બનશે. તેનો હેતુ ખેલાડીઓને તેમની ઐતિહાસિક જીતની ખાસ યાદગીરી આપવાનો છે.

રિંગની એક બાજુ ફિફા વર્લ્ડકપ ટ્રોફી હશે , જ્યારે બીજી બાજુ વિજેતા ટીમ દ્વારા પ્રેરિત એક અનોખી ડિઝાઈન હશે. દરેક રિંગને અનન્ય રીતે નંબર આપવામાં આવશે, ખેલાડી અનુસાર કસ્ટમાઈઝ કરવામાં આવશે. વિજેતા ટીમના કેપ્ટન અને મુખ્ય કોચને ફાઈનલ પછી તરત જ કામચલાઉ રિંગ પ્રાપ્ત થશે. ત્યારબાદ, સમગ્ર વિજેતા ટીમ માટે 30 રિંગ બનાવવામાં આવશે. ફિફાએ જણાવ્યું હતું કે આ રિંગની 2,026 મર્યાદિત આવૃત્તિ બનાવવામાં આવશે. આમાંથી ત્રીસ રિંગ વિશ્વ ચેમ્પિયન ટીમને આપવામાં આવશે, જ્યારે બાકીની 1,996 રિંગ વિશ્વભરના ફૂટબોલ ચાહકોને સત્તાવાર રીતે લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન તરીકે વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

1958ના વર્લ્ડકપ ફાઈનલની પેલેની જર્સી રૂ. 47.21 કરોડમાં વેચાઈ

89.58 કરોડમાં વેચાયેલી મેરાડોનાની હેન્ડ ઓફ ગોડ વાળી જર્સી સૌથી મોંઘી, પેલેની તે પછી બીજી સૌથી મોંઘી

ન્યુ યોર્ક, તા. 17 (એપી) : 1958ના વર્લ્ડકપની ફાઈનલમાં બ્રાઝિલના દિગ્ગજ પેલેએ પહેરેલી 10 નંબરની જર્સી અહીં એક હરાજીમાં 4.9 મિલિયન ડોલર લગભગ રૂ. 47.21 કરોડમાં વેચાઈ હોવાનું હરાજી કરનાર સોથેબીએ જણાવ્યું હતું.

2022માં અવસાન પામેલા પેલે 17 વર્ષના હતા જ્યારે તેમણે રાસુંડા સ્ટેડિયમ ખાતે યજમાન સ્વીડન સામે બ્રાઝિલની 5-2થી જીતમાં બે ગોલ કર્યા હતા. વર્લ્ડકપ ફાઈનલમાં ગોલ કરનાર સૌથી નાની ઉંમરના ખેલાડી તરીકેનો રેકોર્ડ હજુ પણ તેમના નામે છે. સોથેબીઝે જણાવ્યું હતું કે બ્રાઝિલિયન સ્ટાર દ્વારા પહેરવામાં આવેલી જર્સી ફૂટબોલની બીજી સૌથી મોંઘી જર્સી છે. 1986ના વર્લ્ડકપની ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પહેરવામાં આવેલી ડિએગો મેરાડોનાની 'હેન્ડ ઓફ ગોડ' જર્સી 2022માં 9.3 મિલિયન ડોલર અર્થાત અંદાજે રૂ. 89.58 કરોડમાં વેચાઈ હતી, જે સૌથી મોંઘી છે.

ઓક્શન હાઉસે વધુમાં જણાવ્યું કે, આ પહેલાં પેલેની સૌથી કિંમતી યાદગાર વસ્તુ તેમનું 1958નું એક ટ્રેડિંગ કાર્ડ હતું, જે ગયા મહિને 976,000 ડોલર અર્થાત આશરે રૂ. 9.40 કરોડમાં વેચાયું હતું. એડસન અરાંતિશ દો નાસિમેન્તો એટલે કે પેલેએ ફાઈનલ મેચ પછી આ હાથ બનાવટની જર્સી પોતાના રૂમમેટ અને સાથી ખેલાડી દિદાને ભેટમાં આપી હતી. આ જર્સી દાયકાઓ સુધી દિદાના પરિવાર પાસે રહી હતી, ત્યારબાદ તેને બ્રાઝિલના એક મ્યુઝિયમમાં રાખવામાં આવી હતી અને અંતે 2004માં ખરીદવામાં આવી હતી.

મહાન ઓલરાઉન્ડર્સમાંના એક સોબર્સ અસાધારણ પ્રતિભા ધરાવતા હતા

વેસ્ટઇન્ડિઝ વતી 93 ટેસ્ટમાં સોબર્સે 26 સદી સાથે 8032 રન બનાવ્યા અને 235 વિકેટ લીધી

16 વર્ષની વયે ફર્સ્ટક્લાસ ડેબ્યુ કરનારા સોબર્સે 17 વર્ષે ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું

બેટ્સમેન તરીકે સોબર્સનું ભારત સામે અને બોલર તરીકે ઈંગ્લેન્ડ સામે પ્રભાવક પ્રદર્શન રહ્યું

બાર્બાડોસ, તા. 17 : બાર્બાડોસમાં પોતાના ઘરે અંતિમ શ્વાસ લેનારા વેસ્ટ ઇન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સર ગેરી સોબર્સ રમતના મહાન ઓલરાઉન્ડરોમાંના એક હતા. સોબર્સે 1952-53માં 16 વર્ષની ઉંમરે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો, અને એક વર્ષ પછી જમૈકામાં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. સોબર્સે માર્ચ 1954થી એપ્રિલ 1974 દરમિયાન ૯૩ ટેસ્ટ મેચ રમી, જેમાં 57.78ની સરેરાશથી 8032 રન બનાવ્યા, જેમાં 26 સદી અને 30 અડધી સદીનો સમાવેશ થાય છે.

સોબર્સે 1965 થી 1972 દરમિયાન 39 ટેસ્ટ મેચોમાં વેસ્ટ ઈન્ડિઝનું નેતૃત્વ કર્યું હતું. તેમની કેપ્ટનશીપ હેઠળ, ટીમે નવ મેચ જીતી, 20 ડ્રો કરી અને 10 હારનો સામનો કરવો પડ્યો. બેટ્સમેન તરીકે, સોબર્સે ભારત સામે ખાસ કરીને શાનદાર પ્રદર્શન કર્યું હતું, તેમણે ભારત સામે 18 ટેસ્ટમાં 1920 રન બનાવ્યા હતા, જેમાં આઠ સદી અને સાત અડધી સદીનો સમાવેશ થાય છે. બોલર તરીકે, સોબર્સનું સૌથી પ્રભાવશાળી પ્રદર્શન ઈંગ્લેન્ડ સામે હતું, જેમાં તેમણે 32.57ની સરેરાશથી 102 વિકેટ લીધી હતી. તેમણે ઓસ્ટ્રેલિયા સામે 51 અને ભારત સામે 59 વિકેટ પણ લીધી હતી.

ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં છ છગ્ગા મારનાર પ્રથમ ક્રિકેટર

સોબર્સે નોટિંઘમશર તરફથી રમતા માલ્કમ નેશની બોલ પર ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એક ઓવરમાં છ છગ્ગા ફટકારનાર પ્રથમ ક્રિકેટર બન્યા હતા. તેમની ફર્સ્ટ-ક્લાસ કારકિર્દીમાં વેસ્ટ ઇન્ડીઝ, બાર્બાડોસ, નોટિંગહામશાયર અને દક્ષિણ ઓસ્ટ્રેલિયા માટે 383 મેચ રમીને 54.87 ની સરેરાશથી 28,314 રન બનાવ્યા હતા અને 27.74 ની સરેરાશથી 1043 વિકેટ લીધી હતી.

પાકિસ્તાન સામે રમેલી 365 રનની ઇનિંગનો રેકોર્ડ 36 વર્ષ સુધી અડીખમ રહ્યો

1958માં સબીના પાર્ક ખાતે પાકિસ્તાન સામે 365 રન બનાવીને લેન હટનનો સૌથી વધુ વ્યક્તિગત ટેસ્ટ સ્કોરનો વિશ્વ રેકોર્ડ પણ તોડ્યો હતો જે 1994 સુધી અડીખમ રહ્યો. સોબર્સે 95 લિસ્ટ-એ મેચ રમી હતી, પરંતુ વનડેના આગમનથી તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ખોરવાઈ ગઈ હતી અને તેમણે ૧૯૭૩માં હેડિંગ્લી ખાતે ઈંગ્લેન્ડ સામે તે ફોર્મેટમાં ફક્ત એક જ ઇન્ટરનેશનલ મેચ રમી હતી.

પ્રથમ ટેસ્ટ સદીને ત્રેવડી સદીમાં રૂપાંતરિત કરનાર સોબર્સ પહેલા બેટ્સમેન

સોબર્સ પ્રથમ બેટ્સમેન છે જેમણે પોતાની પ્રથમ ટેસ્ટ સદીને ત્રેવડી સદીમાં રૂપાંતરિત કરી. તેઓ ટેસ્ટ ક્રિકેટમાં ત્રેવડી સદી ફટકારનાર વિશ્વનો સૌથી યુવા બેટ્સમેન છે. તે સમયે તેમની ઉંમર ફક્ત ૨૧ વર્ષ અને ૨૧૩ દિવસ હતી. બ્રાયન લારાએ તેમનો સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ તો તોડ્યો પણ ત્રેવડી સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન તરીકેનો રેકોર્ડ હજુ અકબંધ છે.

સોબર્સના નિધનથી ક્રિકેટ જગતમાં શોકનો માહોલ

નવી દિલ્હી, તા. 17 : વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટ દિગ્ગજ સર ગારફિલ્ડ સોબર્સના નિધનથી ક્રિકેટ જગત શોકમાં ડૂબી ગયું હતું, વિશ્વભરના વર્તમાન અને ભૂતપૂર્વ ક્રિકેટરોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ગુજરાતમિત્રના કોલમિસ્ટ અને માજી કેપ્ટન દિગ્ગજ સુનિલ ગાવસ્કરે કહ્યું હતું કે ક્રિકેટની રમત માટે કદાચ આ સૌથી દુઃખદ દિવસ છે. પૃથ્વી પરના સૌથી મહાન ક્રિકેટર આપણને છોડીને ચાલ્યા ગયા છે. એક ક્રિકેટર તરીકે સર ગારફિલ્ડ સોબર્સને ક્યારેય કોઈ શબ્દો ન્યાય આપી શકે નહીં. જ્યારે આપણે બાળપણમાં બેટ કે બોલ હાથમાં પકડતા, ત્યારે આપણે જે બનવાનું સપનું જોતા હતા તે બધું જ તેઓ પોતે હતા. આઇસીસીએ કહ્યું હતું કે સર્વકાલીન મહાન ક્રિકેટરોમાંના એક, સર ગારફિલ્ડ સોબર્સનું અવસાન થયું છે. તેમના પરિવાર, મિત્રો અને વેસ્ટ ઇન્ડીઝ ક્રિકેટ પ્રત્યે અમારી સંવેદના. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કહ્યું કે સોબર્સે એક 'અમર વારસો' છોડી દીધો છે જે આવનારી પેઢીઓને પ્રેરણા આપતો રહેશે. આ ઉપરાંત દિલીપ વેંગસરકર, રવિ શાસ્ત્રી, સૌરવ ગાંગુલી, હરભજન સિંહ સહિત વિશ્વભરના ક્રિકેટર્સે તેમના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

રૂટની સુત્રધાર જેવી ઇનિંગથી બીજી વન ડે ઇંગ્લેન્ડે ચાર વિકેટથી જીતી

કોહલી અને શ્રેયસની અર્ધસદી અને બંને વચ્ચેની 67 રનની ભાગીદારીથી ભારતે 233 રન બનાવ્યા

શરૂઆતના ઝાટકા પછી જો રૂટ 99 રનની નોટઆઉટ ઇનિંગ રમીને ઈંગ્લેન્ડને જીત સુધી દોરી ગયો

કાર્ડિફ, તા. 16 : આજે ગુરુવારે અહીં રમાયેલી બીજી વન ડેમાં વિરાટ કોહલીની 65 રનની આત્મવિશ્વાસથી ભરેલી ઈનિંગ્સ અને બીજી તરફ રોહિત શર્માના સતત સંઘર્ષ સાથે જ મિડલ ઓર્ડરના ધબડકાથી ભારતીય ટીમ 44 ઓવરમાં 233 રનના સામાન્ય સ્કોર પર ઓલઆઉટ થયા પછી જો રૂટની સૂત્રધારની ભૂમિકા જેવી 133 બોલમાં 99 રનની નોટઆઉટ ઇનિંગથી ઈંગ્લેન્ડે ભારતને ચાર વિકેટથી હરાવીને ત્રણ મેચની સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી હતી. હવે બંને વચ્ચે રવિવારે લોર્ડ્સમાં અંતિમ નિર્ણાયક મેચ રમાશે.

ભારત	રન	બોલ	4	6
રોહિત કો.બટલર બો.જેક્સ	26	47	1	1
ગીલ કો.ડકેટ બો.એટકિન્સન	31	30	6	0
કોહલી કો.રશિદ બો.આર્ચર	65	66	8	0
ઇસાન કોએન્ડબો.કરન	1	8	0	0
શ્રેયસ કો.બટલર બો.એટકિન્સન	66	71	5	2
સુંદર કો.બટલર બો.મહમૂદ	2	5	0	0
અક્ષર કો.બટલર બો.આર્ચર	1	5	0	0
દુબે કોએન્ડબો.આર્ચર	0	1	0	0
બ્રાર કો.એટકિન્સન બો.મહમૂદ	7	15	0	0
બુમરાહ નોટઆઉટ	20	13	3	1
પ્રસિદ્ધ બો.એટકિન્સન	0	3	0	0
વધારાના	14			
કુલ (44 ઓવરમાં ઓલઆઉટ)	233			

વિકેટપતન : 1-44, 2-104, 3-111, 4-178, 5-181, 6-193, 7-193, 8-210, 9-233, 10-233

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	10	0	47	3
સાકિબ મહમૂદ	9	1	52	2
ગસ એટકિન્સન	9	1	50	3
આદિલ રશિદ	5	0	34	0
સેમ કરન	6	1	23	1
વિલ જેક્સ	5	0	21	1

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
ડકેટ કો.ઇશાન બો.બુમરાહ	0	1	0	0
બેથલ કો.ઇશાન બો.પ્રસિદ્ધ	4	10	1	0
રૂટ નોટઆઉટ	99	133	9	0
બ્રુક કો.કિશન બો.બ્રાર	16	16	2	1
કરન કો.ઇશાન બો.દુબે	26	31	4	0
બટલર બો.અક્ષર	17	18	1	1
જેક્સ કો.કોહલી બો.બ્રાર	30	44	2	0
એટકિન્સન નોટઆઉટ	23	16	3	1
વધારાના	20			
કુલ (44.1 ઓવરમાં છ વિકેટે)	235			

વિકેટપતન : 1-0, 2-8, 3-53, 4-94, 5-125, 6-197

બોલિંગ	O	M	R	W
જસપ્રીત બુમરાહ	10	0	45	1
પ્રસિદ્ધ કૃષ્ણા	9.1	1	52	1
ગુરનૂર બ્રાર	10	0	67	2
શિવમ દુબે	6	0	32	1
અક્ષર પટેલ	9	1	35	1

શ્રીલંકામાં ફિક્સીંગના પ્રયાસ બદલ LPLના ભારતીય સહ-માલિકની ધરપકડ

જાફના કિંગ્સના સહ માલિક મનજોત કાલરાએ એક ખેલાડીને લાંચ આપવાના પ્રયાસ કર્યો

શ્રીલંકન ખેલાડી રાજપક્ષે, અવિષ્કા અને વેલાલેગેની ફરિયાદથી મનજોત કાલરાની ધરપકડ થઇ

કોલંબો, તા. 17 (પીટીઆઈ) : ભારતના માજી અંડર-19 ક્રિકેટર અને લંકા પ્રીમિયર લીગ (એલપીએલ) ફ્રેન્ચાઇઝ જાફના કિંગ્સના સહ-માલિક મનજોત કાલરાની શુક્રવારે શ્રીલંકાના સ્પોર્ટ્સ એન્ટી કરપ્શન ઇન્વેસ્ટિગેશન યુનિટ દ્વારા એક ખેલાડીને લાંચ આપવાનો પ્રયાસ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ટુર્નામેન્ટના છઠ્ઠા તબક્કાની શરૂઆતના કલાકો પહેલા આ ધરપકડ કરવામાં આવી હતી.

શંકાસ્પદ વ્યક્તિ મનજોત કાલરાએ 2018ના અંડર-19 ક્રિકેટ વર્લ્ડકપની ફાઈનલમાં સદી ફટકારી હતી, જેનાથી ટીમને મેચ જીતવામાં મદદ મળી હતી. પોલીસના સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન યુનિટ ટુ પ્રિવેન્ટ સ્પોર્ટ્સ ક્રાઇમ્સ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સત્તાવીસ વર્ષીય કાલરાએ આ વર્ષની શરૂઆતમાં જાફના કિંગ્સ ફ્રેન્ચાઇઝમાં રોકાણ કરીને રમતગમત ઉદ્યોગસાહસિકતામાં પ્રવેશ કર્યો. શ્રીલંકન પોલીસના જણાવ્યા અનુસાર, કાલરા પર ટુર્નામેન્ટના સંબંધમાં પૈસાની ઓફર કરીને એક ખેલાડીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. પોલીસે જણાવ્યું હતું કે આ ફરિયાદ શ્રીલંકાના ખેલાડીઓ ભાનુકા રાજપક્ષે, અવિષ્કા ફર્નાન્ડો અને ડુનિથ વેલાલેગે દ્વારા દાખલ કરવામાં આવી હતી.

ઓકુહારા ખસી જતાં સિંધુ જાપાન ઓપનની સેમી ફાઈનલમાં

ટોક્યો, તા. 17 (પીટીઆઈ) : જાપાન ઓપનના મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલ પહેલા આજે શુક્રવારે માજી વિશ્વ ચેમ્પિયન નોઝોમી ઓકુહારા ખસી ગયા બાદ ભારતની સ્ટાર શટલર પીવી સિંધુ લગભગ ત્રણ વર્ષમાં પ્રથમ વખત સુપર 750 ટુર્નામેન્ટની સેમી ફાઈનલમાં પહોંચી હતી.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

વિષહર પ્રયોગ

શરીરમાં અનેક પ્રકારે વિષ ભેગું થાય છે. ખોરાક, ખાતર, જંતુનાશક, તીવ્ર દવાઓના પ્રયોગોથી ભેગું થાતું ઝેર, શરીરને ખોખલું કરે છે. કપાસિયાના બીજમાંથી કાઢેલી મીંજ બે ગ્રામ, ગાયના 50g ઘી સાથે લેવી.

પાકિસ્તાની ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝ ડોપિંગ માટે ત્રણ મહિના સસ્પેન્ડ

ગાંજાના સેવનથી ટી-20 વર્લ્ડકપમાં નવાઝનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો

સાતમી ફેબ્રુઆરીથી લઇને પહેલી મે સુધીની મેચ દરમિયાનના મહંમદ નવાઝના રેકોર્ડ રદ કરવામાં આવ્યા

દુબઈ, તા. 17 (પીટીઆઈ) : આઈસીસીએ શુક્રવારે જણાવ્યું હતું કે પાકિસ્તાનના સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝ પર આ વર્ષની શરૂઆતમાં રમાયેલા ટી-20 વર્લ્ડકપ દરમિયાન રમતગમતના પ્રદર્શન સાથે સંબંધ ન ધરાવતા પ્રતિબંધિત પદાર્થના સેવન બદલ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ ત્રણ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો નવાઝ પદાર્થના દુરુપયોગની રિહેબિલિટેશન પૂર્ણ કરશે, તો તેની સજા ઘટાડીને એક મહિનાની કરવામાં આવશે. તેના પ્રતિબંધનો સમયગાળો પહેલી મેથી લાગુ ગણવામાં આવશે, જે તારીખથી તેણે સ્વેચ્છાએ કામચલાઉ પ્રતિબંધ સ્વીકાર્યો હતો. આઈસીસીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાનના સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝે આઈસીસી એન્ટી-ડોપિંગ કોડના ઉલ્લંઘન બદલ ત્રણ મહિનાના પ્રતિબંધનો સ્વીકાર કર્યો છે.

સુડોકુ - ૯૫૭૬

	૬	૮			૨	૯		૫
	૧	૯		૬			૪	
૨	૪		૭					
	૩	૧	૫			૬		
		૭	૧	૩		૮		૪
૯			૬	૨				
૮	૯	૬	૨		૩		૧	૭
૧						૪		૩
	૭	૪	૮		૧	૨	૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ૯૫૭૬ ઉકેલ

૬	૭	૮	૧	૩	૨	૯	૪	૫
૩	૧	૯	૮	૬	૫	૭	૨	૪
૨	૪	૫	૭	૯	૩	૧	૬	૮
૪	૩	૭	૬	૧	૮	૫	૯	૨
૧	૬	૨	૫	૪	૯	૩	૮	૭
૯	૮	૫	૩	૨	૭	૬	૧	૪
૮	૯	૬	૨	૭	૧	૪	૩	૫
૭	૨	૩	૯	૫	૪	૮	૭	૬
૫	૪	૧	૪	૮	૬	૨	૫	૧

આજનું પંચાંગ

તા. 18/07/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: સુદ: પાંચમ 27-44 સ્કંદપંચમી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 27
યોગ : વરિયાન **કરણ:** બવ
નક્ષત્ર : પૂ.ફા. 18:01
રાશિ: સિંહ (મ.ટ.) 24:02 પછી કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : અશુભ - દ્વારકાદીશ પાટોત્સવ-કાંકરોલી
સુરતમાં સૂર્યોદય : 06:08 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
નવકારસી : 06:56
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 08મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 03જો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુકાળ: સવારે : 9:30થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): માન વધે. રોકાણ થાય. નોકરીમાં પ્રગતિ થાય. ઇચ્છિત મુલાકાત થાય. અભ્યાસમાં નવું શીખવા મળે.

વૃષભ (બ,વ,ઉ,): મકાન, જમીન સંબંધી કામ પાર પડશે. સંતાનો સાથે ઘર્ષણ થાય. અચાનક કાર્યબોજ વધશે.

મિથુન (ક,છ,ઘ,): ઉત્સાહજનક સમાચાર મળે. બુધ્ધિશક્તિ અને વ્યવહાર કુશળતાથી સફળતા મળે.

કર્ક (ડ,હ,): આર્થિક સ્થિતિ સુધરે પારિવારિક સમસ્યાઓનું નિરાકરણ આવે. વાણી પર કાબૂ રાખવો.

સિંહ (મ,ટ,): આનંદદાયક સમાચાર મળે. સામાજિક કામમાં યશ મળે. વ્યવહાર કુશળતાથી સમસ્યાનું નિરાકારણ.

કન્યા (પ,ઠ,ણ,): પોતાના કામ બાબતે નિર્ણય લેવામાં વિલંબ થાય. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): આળસ છોડવી. પ્રવાસમાં મિલન મુલાકાત થાય. ખર્ચા વધશે. ગુપ્ત ભય સતાવે. નોકરીમાં નવી તક મળે.

વૃશ્ચિક (ન,ય,): જીવનસાથી સાથે આનંદ મળે. પ્રવાસ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. વ્યવહારકુશળતાથી સફળતા મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): રચનાત્મક કામકમાં સફળતા મળે. હાથ પરના કામ પાર પડે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. આવક વધશે.

મકર (ખ,જ,): યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ અને સત્સંગથી શાંતિ મળે. પોતાના કામનો યસ મળે. મિત્રોનો સાથ મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): કાયદા કાનૂનમાં મ